आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः


भारतीय विचार मंच

# વિચાર સંદેશ

વર્ષ : 1 * અંક : 7 * જાન્યુઆરી 2022 * યુગાબ્દ 5123






## આ અંકમાં


- ભ્રમણાઓ ફેલાવતા ફેક ન્યુઝની છણાવટ.
- વર્તમાન વૈશ્વિક પડકારો અને પ્રબુદ્ધજનોની ભૂમિકા.
- યુવા આયામના વિવિધ કાર્યક્રમો.
- પરિવારની ભારતીય સંકલ્પના.
- કાર્યકર્તા સમૂહનું પ્રબંધન કૌશલ્ય.




# વિચાર સંદેશ

વર્ષ : 1 અંક : 7

જાન્યુઆરી 2022 યુગાબ્દ 5123

## સંપાદકીય

સંપાદકીય

દેશ, સમાજ અને સંસ્કૃતિનો બહુમુખી વિકાસ કોઇ પણ રાષ્ટ્રમાં રહેનાર વ્યક્તિઓના સ્તર ઉપર નિર્ભર કરે છે. સુસંસ્કૃત, સભ્ય, સુશિક્ષિત, પરિશ્રમી તથા પ્રતિભાશાળી વ્યક્તિઓની સંખ્યા જે પણ સમાજમાં વધારે હશે, તે આગળ વધશે- પ્રગતિ કરશે. ભૌતિક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક દ્રષ્ટિએ તે ઉન્નતિના સર્વોચ્ચ શિખર પર હશે.

ભારતીય સંસ્કૃતિની એ વિશેષતા રહી છે કે શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિના સંતુલિત વિકાસને માનવ જીવનનો ઉદ્દેશ્ય માનવામાં આવ્યો છે. ઉત્તિષ્ઠત જાગૃતિનું ગુરુ ગંભીર મેઘગર્જન કરનારી સંસ્કૃતિના વારસાનું સ્વાભિમાન, કાર્યકર્તાઓની દક્ષતા અને સામર્થ્યને પુષ્ટ કરતું રહ્યું છે.

ભારતીય બૌધિક ક્ષમતા અને દર્શન, સંસારનાં અન્ય દર્શનોથી વિલક્ષણ છે. બુદ્ધિના વિકાસની સાથે વિચારોના સામર્થ્યનું મહત્વ વધ્યું છે, સાથે-સાથે જ વૈચારિક સાધન સ્ત્રોતોનો પણ વિસ્તાર થયો છે. આ અંકમાં આ વાતોનો પ્રકાશ, ભારતીય વિચાર મંચ દ્વારા આ મહિને થયેલી પ્રવૃત્તિઓના વિવરણમાં જોઇ શકાશે.

उद्यमेन हि सिद्धयन्ति कार्याणि न मनौरथै:।

न हि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगा:॥

- पंचतंत्र

સમસ્ત કાર્ય ઉધમ કરવાથી સિદ્ધિ થાય છે. જેમ સૂતેલા સિંહના મુખમાં હરણ પોતાની જાતે નથી જતાં રહેતાં તેમ કેવળ મનોરથ કરવાથી કશું મળતું નથી.

**સંપાદક**

પંકજ પુરોહિત

**લે-આઉટ અને ડિઝાઇન**

વૈભવસિંહ ઠાકોર

3

સહચિંતન

7

અખિલ ભારતીય
પ્રાંત સંયોજક બેઠક

9

કેન્દ્રશઃ કાર્યક્રમો

26

પુસ્તક પરિચય

29

આગામી કાર્યક્રમો

31

વિચાર બોધ



आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः

भारतीय विचार मंच

# વિચાર સંદેશ

માસિક



**વ્યવસ્થાપક**

**જ્વનિલ દ્વિવેદી**

ભારતીય વિચાર મંચ, ૪, મયુર ચેમ્બર, ગાંધીગ્રામ રેલ્વે સ્ટેશન સામે, એલિસબ્રિજ,
અમદાવાદ – ૩૮૦૦૦૯

ઈ મેઈલ :
bvmguj@gmail.com

**7405862697**

# સહચિંતન

રાષ્ટ્રકાર્ય કરવા માટે અને તેને આધારે રાષ્ટ્ર તથા રાષ્ટ્રીય વિચારને વિશ્વમાં પુન: પ્રતિષ્ઠિત કરી ભારતમાતાને

વિશ્વગુરુપદે સ્થાપિત કરવા માટે આપણે બધા કાર્યકર્તાઓ સંકલ્પિત છીએ. આ એક મોટી જવાબદારી છે અને તેથી પોતાની જાતને તેને અનુરૂપ ઢાળી જીવન લક્ષ્યપૂર્તિ માટે વધુમાં વધુ યોગ્ય(લાયક)બને તે માટે સતત ચિંતન અને પ્રયત્ન કરતા રહેવાની આવશ્યકતા છે.

આ કાર્ય સૌથી વધુ આત્મચિંતન, આત્મપરીક્ષણ માગી લેનારું કાર્ય છે. પાંડવો અને કૌરવોને ગુરુએ આપેલો પહેલો પાઠ હતો 'सत्यं वद, धर्मं चर ।' ગુરુએ બીજે દિવસે તૈયાર કરીને આવવા માટે આપેલા આ પ્રથમ પાઠ બાબતે આવેલાં પરિણામો અન્ય બધા માટે જ નહીં પણ સ્વયં ગુરુજી માટે પણ આશ્ચર્ય અને આઘાતજનક હતાં. અનુત્તીર્ણ(નાપાસ)થનારા એકમાત્ર વિધાર્થી હતા ધર્મપુત્ર યુધિષ્ઠિર. શેષ બધા જ ઉત્તીર્ણ હતા અને તેમને માટે પણ આ પરિણામો આશ્ચર્યજનક હતાં.

આ પરિણામો જ્યારે આઠ-દસ દિવસ પછી પણ સુધર્યાં નહીં ત્યારે છેવટે ગુરુદેવે ધીરજ ખોઇને શિષ્યને પૂછ્યું, 'કેમ આવું અકલ્પ્ય પરિણામ દેખાઈ રહ્યું છે, કદાચ સૌથી વધુ ગુણ(ડિસ્ટિંક્શન) પ્રાપ્ત કરવાનો જ છે એવી જે શિષ્ય માટે શ્રદ્ધા હતી તેનાં કેમ આવાં પરિણામો દેખાય છે ? ધર્મપુત્રે ત્યારે જે કહ્યું તે આપણા બધા માટે અત્યંત માર્ગદર્શક છે. ધર્મપુત્રે કહ્યું, પાઠનો પૂર્વાર્ધ છે. सत्यं वद, કદાચ એ પૂર્વાર્ધમાં પાસ થવાની પાત્રતા તો હું મેળવી શક્યો છું પણ ઉત્તરાર્ધ  धर्मं चर ।(ધર્મનું આચરણ અથવા આચરણમાં ધર્મ)'માં ઉત્તીર્ણ થયો એવી ખાત્રી મને પણ ન હોવાથી હું આપને પણ આપી શકતો નથી. આ વાત નિ:સંકોચપણે સ્વીકારીને હું પૂર્વાર્ધમાં ઉત્તીર્ણ થયો છું એમ આજે કહેવાની હિંમત મારામાં આવી છે. ઉત્તરાર્ધમાં ઉત્તીર્ણ થવા માટે હું સતત પ્રયત્નશીલ છું. પણ જીવનની પ્રત્યેક પળે હું ધર્મ જ આચરી રહ્યો છું એવી ખાત્રી આપી શકવાની સ્થિતિમાં હું હજી પહોંચ્યો છું એવું મને લાગતું નથી. એટલે હજી પાઠ તૈયાર થઈ ગયો છે એમ કહેવા હું શક્તિમાન નથી.

કાર્યને ઇશ્વરીય કાર્ય કહેનારા અને આપણને કાર્યનાં જે કુળના ગણાવનારા આપણે બધા એ કુળના બે મહામંત્રોથી પરિચિત છીએ જ.  'महामंगले पुण्यभूमे त्वदर्थे पतत्वेषकायो'નું રોજિંદું સ્મરણ અને 'આ વ્રત હું આજન્મ પાળીશ'  કહી પોતે જાતે સ્વીકારેલું બંધન એ બંને આપણી કુળરીતિ છે. દશરથપુત્ર રામે જે આચરણ કરીને રઘુકુળભૂષણ અને મર્યાદા પુરુષોત્તમ પદ પ્રાપ્ત કર્યું તે આચરણની નિત્ય પ્રેરણા હતી તેમની કુલરીતિ. 'रघुकुलरीति सदा चली आई, प्राण जाय अरु बचन न जाई । સિંહાસનત્યાગ કરી વનગમન, રાવણ સાથેનું વિરથ(અસમાન શસ્ત્રોથી લડાએલું) મહાયુદ્ધ, પરાક્રમની પરાકાષ્ઠા પછી જિતાએલી લંકાનું શાસન સ્વયં ન કરતા અથવા લક્ષ્મણને ન આપતા વિભિષણને અપાએલું દાન અને પ્રાણપ્રિયા સીતાના ત્યાગ સુધીનાં બધાં જ કાર્યોએ તેમને રઘુકુલભૂષણ અને મર્યાદા પુરુષોત્તમ બનાવ્યા.

પોતાની જન્મદાત્રી માતા નહીં તેવી સ્ત્રીને પિતાએ આપેલું વચન માથે ચઢાવી કરેલો સિંહાસનનો ત્યાગ અને વનગમન પુત્ર ધર્મ અને કુલધર્મના પાલનની પરાકાષ્ઠા બતાવે છે, રાવણ સાથેનું અસમાન સાધનોથી લડાએલું યુદ્ધ ધર્મરક્ષણ માટે સર્વસ્વસમર્પણની ક્ષત્રીય કુલરીતિનાં પાલનનું પ્રતીક છે, સુવર્ણ લંકા પર શાસનનો માનવસહજ મોહ 'जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसी' પંક્તિમાં અભિવ્યક્ત માતૃભૂમિ પ્રત્યેની ભક્તિની પરાકાષ્ઠા પ્રકટ કરે છે અને સીતાત્યાગ રાજધર્મનાં પાલન માટેની પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. એક ધોબી જેવા નગણ્ય નાગરિકે વ્યક્ત કરેલા ભાવને પૂરતી ગંભીરતાથી લઇ. પોતાનો પ્રેમ, પતિધર્મ, સીતાનાં અપમાનનો બદલો લેવા મહારથી રાવણ સાથે કરેલો સંગ્રામ બધું ભૂલીને પ્રાણપ્રિયા સહધર્મચારિણીનો ત્યાગ કરતાં શ્રી રામ કહે છે, 'स्नेहं दया च सौजन्य यदी वा जानकीमपि आराधनाय लोकानाम् मुंचतो नास्ति मे व्यथा' સ્નેહ, દયા, સૌખ્ય જેવા મને અતિ પ્રિય ગુણો જ નહીં પણ તે બધાં કરતાં પણ વધુ પ્રિય જાનકીનો ત્યાગ રાજધર્મના પાલન માટે કરતા મને વ્યથા નથી. રાજા માટે રાજધર્મ સૌથી મોટો ધર્મ છે અને તેને માટે રામે કરેલો ત્યાગ તત્કાલીન શિક્ષણના પ્રથમ પાઠના ઉત્તરાર્ધ ' धर्मं चर'ને હૃદયસ્થ કર્યાનું સર્વોત્તમ ઉદા. છે. સંઘના એકાત્મતાસ્તોત્રમાં સ્થાન પામેલાં ઇંદોરનાં મહારાણી જેવાં આનું અનુસરણ કરવાના અનેક ઉદાહરણોથી આપણું સાહિત્ય ભરપૂર છે. સીતાત્યાગ કરી રાજધર્મનું પાલન કરનારા શ્રીરામને અત્યાચારી ગણાવવાના ઘણા પ્રયત્નો થયા જ કરે છે પણ જેનો ત્યાગ થયો તે સીતાનાં મનમાં એ ભાવ નહોતો, પોતાનો ત્યાગ કરનારા પતિનો ઉલ્લેખ કરતા તે અંતિમ ઇચ્છા વ્યક્ત કરતા કહે છે, 'भूयो यथा मे जननांतरेपि त्वमेव भर्ता न च विप्रयोग । આ જન્મ જ નહીં પણ આ જન્મની જેમ જ જન્મજન્માંતર સુધી તમે જ મારા પતિ રહો, ક્યારેય આપણો લાંબો વિયોગ ન થાય. ધોબી જેવા એક અતિસામાન્ય માણસની ઉક્તિને બહાને પોતાનો ત્યાગ કરી દેનારા પતિ માટે કઇ પત્ની આવો ભાવ વ્યક્ત કરી શકે ? સીતા દ્વારા આ ભાવ વ્યક્ત થવાનું કારણ એ હતું કે તે રામને ઓળખતી હતી, રાજા તરીકે તેની ધર્મપાલનની મર્યાદાઓને સમજતી હતી અને પોતાના ધર્મને સુખ, આનંદ, પરિવાર કરતાં પણ વધુ મહત્ત્વ આપનારા શ્રીરામનું મહત્ત્વ પણ તેને સમજાતું હતું.

આપણે બધા કાર્યકર્તાઓએ પણ એક ઇશ્વરીય કાર્ય સાથે પોતાને જોડી દીધા છે. જે કાર્ય સાથે આપણે આપણી જાતને જોડી છે તે કાર્યની ગુણાત્મક અને સંખ્યાત્મક વૃદ્ધિનો આધાર આપણે છીએ. સ્વાભાવિક રીતે જ બંને પ્રકારની વૃદ્ધિ માટેની આપણી પ્રતિબદ્ધતા આપણી પાસે કેટલીક અપેક્ષાઓ રાખે છે. કાર્યની સર્વ પ્રકારની વૃદ્ધિનો આધાર આપણે જ હોવાથી બંને પ્રકારની આપણી સિદ્ધતા જરૂરી છે. કાર્યવૃદ્ધિનો આધાર છે માનસિક પ્રતિબદ્ધતા અને સમયદાન. જે કાર્યને આપણે સ્વીકાર્યું છે તેને માટે સમયદાનની આપણી પ્રાથમિકતા કઇ છે. એક અપેક્ષા છે અન્ય કોઇ પણ પ્રકારની જવાબદારીઓ પોતાને માથે નોતર્યા વગર આ કાર્યને પહેલી પ્રાથમિકતા આપી પોતાનો પૂર્ણ સમય કાર્યની બંને પ્રકારની વૃદ્ધિ માટે ખરચવો. કદાચ એ શક્ય ન હોય તો સ્વાભાવિક જ આપણી પારિવારિક જવાબદારીઓને પ્રથમ પ્રાથમિકતા આપી તે પછીની પ્રાથમિકતા કાર્યને આપી કાર્યની વ્યાવહારિક જવાબદારીઓ લેવી અને તેને ન્યાય આપવા માટે આવશ્યક સમય ગુણાત્મક અને સંખ્યાત્મક વૃદ્ધિ માટે લગાવવો.

આપણે જ કાર્યનો આધાર હોવાથી ગુણાત્મક વૃદ્ધિ માટે યોગ્ય બનવા આવશ્યક વાચન, લેખન, ચિંતન, અને સંખ્યાત્મક વૃદ્ધિ માટે આવશ્યક પ્રવાસ, સંપર્ક વગેરે બંને દ્રષ્ટિથી આપણે આવશ્યકતાઓને પૂર્ણ ન્યાય આપીએ છીએ કે નહીં તે માટે આવશ્યક આત્મપરીક્ષણ આપણે પોતે જ કરવું પડશે.

કાર્યની આવશ્યકતા પ્રમાણે આપણા પર આવેલી જવાબદારી સ્વીકારવી(પછી તે નાની હોય કે મોટી)અને તેને યોગ્ય બનવા માટે સતત પ્રયાસ કરવો એ આપણે પોતે જ વિચારવાનો વિષય છે.

જે લક્ષ્યપૂર્તિ માટે આપણે કાર્ય સાથે જોડાયા છીએ તે માટે યોગ્ય વાચન, ચિંતન, ચર્ચા આપણે કરીએ છીએ ? આપણી યોગ્યતા વધારવા માટે યોગ્ય લોકો સાથે ચર્ચા કરવી એ આપણી સક્રિયતાનો ભાગ છે. આપણી ધારણાઓ, વ્યવહાર, માન્યતાઓ વગેરે બધું કાર્યવૃદ્ધિ માટે યોગ્ય છે કે નહીં તેનું સતત ચિંતન આપણે કરીએ છીએ અને યોગ્ય સહકાર્યકર્તાઓ સાથે ચર્ચા કરી આપણે યોગ્ય માર્ગે છીએ તેની ખાત્રી મેળવતા રહીએ છીએ ? 'महाजनो येन गत: स पंथा' ઉક્તિને સમજીને આપણે જેને મહાજન માનતા હોઇએ તેમનું તેમને અપેક્ષિત અનુસરણ કરીએ છીએ ? પ્રત્યક્ષ કાર્ય જ નહીં તો જીવનનું કોઇ પણ કાર્ય કરતી વખતે તે કાર્ય આપણાં કાર્ય માટે લાભપ્રદ થાય એવો આપણો વ્યવહાર રહે છે ? વ્યાવહારિક કામો, વ્યાવસાયિક કામો, વ્યક્તિગત કામો, મનોરંજનપ્રાપ્તિનાં કામો એમ સર્વપ્રકારનાં કામો કરતી વખતે સ્વીકૃત કાર્યની બંને પ્રકારની વૃદ્ધિ બાબતે આપણે કરેલા સંકલ્પની પૂર્તિનો વિચાર આપણાં મનમાં રહે છે ? આ ભાવની પરાકાષ્ઠા તો અચેત અવસ્થામાં હ્રદય, મન, વાણીમાં સ્વીકૃત કાર્યની પ્રાથમિકતામાં છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્થાપક ડોક્ટર હેડગેવારજીની અંતિમ બીમારી વખતે તેમની સેવામાં તેમના પછી સંઘનું નેતૃત્વ સ્વીકારનારા શ્રી ગોળવલકરજી હતા. તેમણે ડોક્ટરજીની સંનિપાતની અવસ્થામાં પણ તેમના મુખમાંથી શારીરિક અસ્વસ્થતા, પીડા કે અન્ય કોઇ વાતને બદલે સ્વીકૃત કાર્યવૃદ્ધિની ચિંતા કરતો વાણીપ્રવાહ જ સાંભળ્યો અને જોયો. આ જોઇને તેમણે કહ્યું, 'આજ સુધી હું ડોક્ટર હેડગેવારને એક જુદી અનોખી પદ્ધતિથી કાર્ય કરનારા સામાજિક કાર્યકર્તા તરીકે જ જોતો હતો, આજે અચેત અવસ્થામાં પણ તેમની પ્રાથમિકતા જોઇ હું તેમને સમર્પિત થઇ ગયો. તે દિવસે સમર્પિત થઇ ગએલા ગોળવલકરજીનું સમર્પિત જીવન આપણે જાણીએ જ છીએ. પણ ડોક્ટરજીમાં જે દર્શન થયાં તે 'धर्मं चर એ પ્રથમ પાઠના ઉત્તરાર્ધની પૂર્ણતાનાં ગણી શકાય. આવી પૂર્ણતા અનુસરણીય અને અપેક્ષિત છે.

પોતાની પ્રતિબદ્ધતાનાં પરીક્ષણની ઉત્કટતાનું એક ઉદા. આપી વાત પૂર્ણતા તરફ લઇ જઇશ. વિજયનગરનાં હિંદુ સામ્રાજ્યના પ્રથમ અધિપતિ રાય હરિહરે પોતાના ગુરુ ભગવાન કાલમુખ વિધાશંકર સાથે જ સમાધી લીધી ત્યારે ઉત્તરાધિકારીનો પ્રશ્ન ઉભો થયો. ત્યારે જેમની ઉપર આ જવાબદારી આવવાની સૌથી વધુ શક્યતા હતી તેમણે પોતાની યોગ્યતાનું પરીક્ષણ કરાવવા એક કઠીન માર્ગ લીધો. ચેતન અવસ્થામાં તો હું મારો વ્યવહાર સાવચેતીપૂર્વક કરી શકું છું, પણ અચેત અવસ્થામાં મારી પ્રસ્તુતિ અને કૃતિ એ જ મારી સાચી પરીક્ષા છે એમ માની તેમણે ધતુરાના ફૂલ અને પાનયુક્ત નશાયુક્ત પ્રવાહીનું પાન કરી અત્યુચ્ચ કક્ષાની અચેત અવસ્થા મેળવી અને માધવાચાર્ય વિધારણ્યને બધું નોંધી રાખવાની સૂચના આપી. આ અચેત અવસ્થામાં થએલા તેમના પ્રલાપે તેમની યોગ્યતા સિદ્ધ કરી અને ઉત્તરાધિકાર આપ્યો. પ્રશ્ન તો તેમની પરીક્ષા આપવાની તત્પરતાનો છે. આ કૃતિ શાસન પ્રાપ્ત કરવાની લાલસાથી નહીં પણ જે કામ પોતાને માથે આવવાનું છે તે માટે પોતે યોગ્ય છે કે નહીં તે પોતે જાણી લેવાના એકમાત્ર ઉદ્દેશ્યથી અત્યંત કઠોર આત્મપરીક્ષણના હેતુથી થએલી છે. પોતે સાચા અર્થમાં' धर्मं चर ના પ્રથમ પાઠના ઉત્તરાર્ધમાં પાસ થયો કે નહીં તેની પરીક્ષાનો છે કારણ આ કઠોર આત્મપરીક્ષણ જ જે કાર્ય માટે આપણે સંકલ્પિત છીએ તેને સર્વાંગ યોગ્ય બનવા તરફ આપણને લઇ જશે.

એ દ્રષ્ટિથી સતત 'धर्मं चर' ને ધ્યાનમાં રાખી તેમાં અનુત્તીર્ણ થયાની સ્વીકૃતિ જ પૂર્વાર્ધ 'सत्यं वद' છે.

આપણે પણ આ કઠીન પરીક્ષામાં બેસવા તૈયાર રહીએ અને આપણે જ નિર્મમ પરીક્ષક બની આપણી ઉત્તીર્ણતા કે અનુત્તીર્ણતાના નિર્ણાયક બનીએ. આ એક તપશ્ચર્યા છે, સાધના છે. આ સાધના આપણને સર્વપ્રકારની સફલતા તરફ લઈ જશે કારણ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણે એ ખાત્રી આપી જ છે કે 'यतो धर्मस्ततो जय:' આપણે પણ આ જયના માત્ર સાક્ષી જ નહીં તો સહભાગી પણ બની રહીએ એ ચિંતન આપણાં મનમાં ચાલતું રહે તે પ્રથમ પાઠ 'सत्यं वद, धर्मं चर ।' માં ઉત્તીર્ણ થયાનો યુધિષ્ઠિર જેવો આનંદ અને કૃતાર્થતા આપણને પ્રાપ્ત કરાવશે.

આપણે જાણીએ છીએ કે સંઘ અને સંઘની પ્રેરણાથી સમાજમાં કાર્યરત આપણા જેવા અનેક વિચારના વિજય માટે કાર્યરત મિત્રો કાર્યવૃદ્ધિની ત્રિવાર્ષિક યોજનાનો વિચાર કરી રહયા છે. યોજના આ વિચારપ્રવાહના પ્રારંભની શતવાર્ષિકીને નિમિત્ત બનાવીને થઈ રહી છે. માતાના(વિચારના) પરમવૈભવનું લક્ષ્ય સફળ કરવા માટે શરૂ થયેલા મહાપુરુષાર્થની આ શતવાર્ષિકી છે. આ શતવાર્ષિકી નિમિત્તે આપણે આ મહાપુરુષાર્થના જયજયકાર માટે નહીં પણ દેવજનની માતાના જયજયકાર માટે પ્રયત્નશીલ છીએ. ત્યારે સન્માનનીય ભાગવતજીએ એક ચેતવણી આપતે કહ્યું છે કે, 'વિચાર વિરોધી સમૂહો દ્વારા અનેક અવરોધો ઉભા કરાવાની શક્યતા હોવાથી આ ત્રણ વર્ષ તમામ પ્રકારના સંઘર્ષો આવી પડવાની શક્યતા છે. ગતિ અવરોધના હેતુથી સંસાધનોની લોભામણી વિપુલતા ઉપલબ્ધ કરાવી આગળની ભૂમિ લપસણી બનાવવાના આકર્ષક પ્રયાસો પણ થશે. આ તમામ મોરચે અતિ સાવધ રહેવું પડશે. એવરેસ્ટ સર કરવા નીકળેલા આપણે આપણી પહેલાના કાર્યકર્તા બંધુઓ દ્વારા અતિવિપરિત સાધનહીન અવસ્થામાં પણ છેલ્લા બેઝ કેમ્પ પર પહોંચ્યા છીએ. આગળ હવા પાતળી થતી જશે. આ 'હવા પાતળી થતી જશે' વાક્ય પર આપણે બધાએ સતત વ્યક્તિગત અને સામૂહિક ચિંતન કરવું જોઈએ. એ પાતળી હવાથી નિત્યજાગ્રત અને સાવધ રહી એવરેસ્ટ પર પગ નહીં મૂકી શકીએ તો ગત ૯૭ વર્ષનો પરિશ્રમ નષ્ટ થશે અને ધ્યેયરૂપી એવરેસ્ટ સર કરવાનું શક્ય નહીં બને અને પૂર્વપેઢીઓની બધી તપશ્ચર્યા એળે જશે.

આ બધી વાતોનું આપણે સતત ચિંતન કરીએ એવી પ્રાર્થના સાથે

આ સહચિંતનમાં આપનો સહયોગી.

# 'પ્રજ્ઞા પ્રવાહ' - 'અખિલ ભારતીય પ્રાંત સંયોજક બેઠક'

ગુજરાત પ્રાંતમાં 'ભારતીય વિચાર મંચ' ના નામથી ચાલતું વૈચારિક આંદોલન, દેશભરના અન્ય ૪૦ પ્રાંતોમાં વિવિધ નામોથી કાર્યરત છે. આ દરેક સંગઠનોની છત્ર સંસ્થા, 'પ્રજ્ઞા પ્રવાહ' ની 'અખિલ ભારતીય પ્રાંત સંયોજક બેઠક' માગશર સુદ ચૌદશ-પૂનમ, વિ.સં. ૨૦૭૮ ( તા. ૧૮, ૧૯ ડિસેમ્બર, ૨૦૨૧ ) ના રોજ વડોદરા નજીક કેલનપુર ખાતે દાદા ભગવાન સમાધિ મંદિરના પરિસરમાં યોજાઇ. દેશના વિભિન્ન ભાગોમાંથી ૧૨૫ કરતાં વધુ સહભાગીઓ આ દ્વિ-દિવસીય નિવાસી બેઠકમાં ઉપસ્થિત રહ્યા.




બેઠકની વ્યવસ્થાઓમાં મંચના વડોદરા કેન્દ્રની સમસ્ત ટીમ સાથે સુરત, ભરૂચ, અમદાવાદ તથા ગાંધીનગરના કેટલાક કાર્યકર્તાઓ પણ જોડાયા.

સુચારુ વ્યવસ્થા જળવાય તે હેતુથી યાતાયાત, નિવાસ, ભોજન, મંચ/સભાગૃહ, અધિકારી વ્યવસ્થા... જેવા વિભાગો બનાવી, તેમાં આવશ્યકતા/કુશળતા અનુસાર કાર્યકર્તાના મંડળો બનાવી, વડોદરા કેન્દ્રએ સફળતાપૂર્વક આ જવાબદારીનું વહન કર્યું.

અત્યંત ઝીણવટભર્યા આયોજન તથા વ્યવસ્થામાં જોડાયેલા કાર્યકર્તાઓના આતિથ્યભાવથી અભિભૂત થયેલ દરેકે દરેક



સહભાગીઓએ વ્યવસ્થાપક ટીમને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા. એક વરિષ્ઠ સહભાગીની ટીપ્પણી, " भारतीय विचार मंच, गुजरात/वडोदरा केंद्र के मार्गदर्शन में हम सभी के लिए प्रबंधन के विषय को लेकर एक प्रशिक्षण वर्ग होना चाहिए।" ને વ્યવસ્થાપનનું એક પ્રમાણપત્ર ગણી શકાય

# ભારતીય વિચાર મંચ - કેન્દ્રશઃ  કાર્યક્રમો

## ભારતીય વિચાર મંચ - અમદાવાદ કેન્દ્ર

ભારતીય વિચાર મંચ અમદાવાદ દ્વારા તારીખ ૨૨/૧૨/૨૦૨૧ બુધવારે “ફેક ન્યુઝ: વૈશ્વિક સમસ્યા, સ્થાનિક નિવારણ” વિષય પર વિચાર ગોષ્ઠી યોજાઇ



“ભારત જેવી વિશાળ લોકશાહીમા જનમાધ્યમો પર સ્વસ્થ અને સ્વચ્છ માહિતીનું પ્રસારણ અનિવાર્ય છે. આજે ડિજિટલ ટેકનોલોજીના યુગમાં ફેક ન્યુઝ કે ફેક કન્ટેન્ટે એક વૈશ્વિક સમસ્યાનું સ્વરૂપ લીધું છે. વિશ્વના તમામ દેશો અને ટેક કંપનીઓ આ સમસ્યાનો હલ લાવવા ઝઝૂમી રહી છે. ખાસ કરીને સોશિયલ મીડિયામાં યુઝર જનરેટેડ કન્ટેન્ટ બનતું હોવાથી સરકાર અને ટેક કંપનીઓની સાથે વ્યક્તિગત રીતે આપણી પણ જવાબદારી વધી જાય છે”. તાજેતરમાં ભારતીય વિચાર મંચ

અમદાવાદ દ્વારા " ન્યુઝ: વૈશ્વિક સમસ્યા, સ્થાનિક નિવારણ" વિષયે યોજાયેલી પ્રબુદ્ધ નાગરિક ગોષ્ઠીમાં ઉદ્બોધન કરતા મુખ્ય વક્તા અને એનઆઇએમસીજેના  નિયામક ડૉ. શિરીષ કાશીકરે જણાવ્યું હતું.




ફેક ન્યુઝ કે કન્ટેન્ટ શબ્દનું વિશ્લેષણ કરતાં ડૉ  કાશીકરે જણાવ્યું હતું કે પરંપરાગત માધ્યમોમાં તો હજુ પણ રિપોર્ટર થી માંડીને તંત્રી સુધીના અલગ-અલગ સ્તરના ફિલ્ટર હોય છે. જેનાથી ઇરાદાપૂર્વક ખોટી માહિતી વાચકો કે દર્શકો સુધી જવાની સંભાવના ન્યૂનતમ હોય છે પરંતુ સોશિયલ મીડિયામાં ખોટી માહિતી, ઇરાદાપૂર્વક તૈયાર કરાયેલી ખોટી માહિતી અને રાજકીય હેતુઓ માટે માહિતી લીક કરવાની હોડ ચાલે છે, જેનાથી સોશિયલ મિડીયા જેવા જનમાધ્યમોની વિશ્વસનીયતા પર પ્રશ્નો ઊભા થાય છે.ક્યારેક સોશિયલ મીડિયાના ઉપયોગકર્તા કટાક્ષ, પેરોડીને પણ ગંભીરતાથી લઇ હોબાળો મચાવતા હોય છે. તો જૂઠાણાં, પ્રોપેગન્ડા અને તોડીમરોડીને રજૂ કરાતાં તથ્યો પણ લોકોને ભ્રમિત કરે છે



ડો. કાશીકરે આ પ્રકારની સ્થિતિમાંથી બહાર આવવાની તેમજ ફેક ન્યુઝને ઓળખવાની પદ્ધતિઓ પર પ્રકાશ ફેંકતા કહ્યું હતું કે આ પ્રકારની માહિતીને ઓળખી લીધા પછી તેને આગળ વધતી અટકાવવી એ પ્રાથમિક ઉપાય છે. આ ઉપરાંત જે તે વ્યક્તિને બ્લોક કરવા, રિપોર્ટ કરવા જેવી પ્રક્રિયા કરવી જોઇએ, હવે ઘણા માધ્યમો  ફેકટ ચેકિંગની વ્યવસ્થા કરે છે તેનો ઉપયોગ કરીને સત્યને સમજી શકાય છે.



ખોટી માહિતીનો પ્રચાર પ્રસાર રોકવો એ માત્ર સરકાર અને ટેક કંપનીની જવાબદારી નથી, આપણે લોકશાહી દેશના નાગરિક તરીકે જાગૃતિ કેળવવી પડશે, સાયબર કાયદાઓનો જરૂર જણાયે ઉપયોગ પણ કરવો પડશે. કારણ કે સ્વસ્થ સમાજ અને લોકશાહી માટે તે અત્યંત જરૂરી છે તેમ ડૉ કાશીકરે જણાવ્યું હતું.આ પ્રસંગે ઉપસ્થિત પ્રબુદ્ધજનો સાથે રસપ્રદ પ્રશ્નોત્તરી પણ થઈ હતી. .




કાર્યક્રમના અંતે ભારતીય વિચાર મંચ અમદાવાદ કેન્દ્રના સહ મંત્રી શ્રી દિનેશભાઇ પટેલે દ્વિમાસિક 'વિચાર મંથન' લવાજમ અભિયાન વિશે સૌ પ્રબુદ્ધજનને માહિતી આપી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. હરદીપસિંહ ગોહિલે કર્યું હતું.

અકિલા ,પ્રિન્ટ એડીશન

Akila 27-12-2021 Raj...

'ફેક ન્યુઝ: વૈશ્વિક સમસ્યા, સ્થાનીક નિવારણ' વિષે ગોષ્ઠિ

# ફેક ન્યુઝ રોકવાની સરકારની સાથોસાથ આપણી પણ એટલી જ જવાબદારી : ડો. શિરિષ કાશીકર

(કેતનખત્રી) અમદાવાદ: અમદાવાદ: ભારત જેવી વિશાળ લોકશાહીમા જનમાધ્યમો પર સ્વસ્થ અને સ્વચ્છ માહિતીનું પ્રસારણ અનિવાર્ય છે. આજે ડિજિટલ ટેકનોલોજીના યુગમાં ફેક ન્યુઝ કે ફેક કન્ટેન્ટે એક વૈશ્વિક સમસ્યાનું સ્વરૂપ લીધું છે. વિશ્વના તમામ દેશો અને ટેક કંપનીઓ આ સમસ્યાનો હલ લાવવા ઝઝૂમી રહી છે. ખાસ કરીને સોશિયલ મીડિયામાં યુઝર જનરેટેડ કન્ટેન્ટ બનતું હોવાથી સરકાર અને ટેક કંપનીઓની સાથે વ્યક્તિગત રીતે આપણી પણ જવાબદારી વધી જાય છે. તાજેતરમાં ભારતીય વિચાર મંચ અમદાવાદ દ્વારા ન્યુઝ વૈશ્વિક સમસ્યા, સ્થાનિક નિવારણ વિષયે યોજાયેલી પ્રબુદ્ધ નાગરિક ગોષ્ઠીમાં ઉદ્બોધન કરતા મુખ્ય વક્તા અને એનઆઈએમસીજેના નિયામક ડો. શિરીષ કાશીકરે જણાવ્યું હતું.

ડો. કાશીકરે જણાવ્યું હતું કે પરંપરાગત માધ્યમોમાં તો હજુ પણ રિપોર્ટરથી માંડીને તંત્રી સુધીના અલગ-અલગ સ્તરના ફિલ્ટર હોય છે જેનાથી ઈરાદાપૂર્વક ખોટી માહિતી વાચકો કે દર્શકો સુધી જવાની સંભાવના ન્યૂનતમ હોય છે પરંતુ સોશિયલ મીડિયામાં ખોટી માહિતી, ઈરાદાપૂર્વક તૈયાર કરાયેલી ખોટી માહિતી અને રાજકીય હેતુઓ માટે માહિતી લીક કરવાની હોડ ચાલે છે, જેનાથી સોશિયલ મિડીયા જેવા જનમાધ્યમોની વિશ્વસનીયતા પર પ્રશ્નો ઊભા થાય છે. ક્યારેક સોશિયલ મીડિયાના ઉપયોગકર્તા કટાક્ષ, પેરોડીને પણ ગંભીરતાથી લઈ હોબાળો મચાવતા હોય છે. તો જૂઠાણાં, પ્રોપેગન્ડા અને તોડીમરોડીને રજૂ કરાતા તથ્યો પણ લોકોને ભ્રમિત કરે છે



આ પ્રકારની સ્થિતિમાંથી બહાર આવવાની તેમજ ફેક ન્યુઝને ઓળખવાની પદ્ધતિઓ પર પ્રકાશ ફેંકતા કહ્યું હતું કે આ પ્રકારની માહિતીને ઓળખી લીધા પછી તેને આગળ વધતી અટકાવવી એ પ્રાથમિક ઉપાય છે. આ ઉપરાંત જે તે વ્યકિતને બ્લોક કરવા, રિપોર્ટ કરવા જેવી પ્રક્રિયા કરવી જોઈએ, હવે ઘણા માધ્યમો ફેકટ ચેકિંગની વ્યવસ્થા કરે છે તેનો ઉપયોગ કરીને સત્યને સમજી શકાય છે.

ખોટી માહિતીનો પ્રચાર પ્રસાર રોકવો એ માત્ર સરકાર અને ટેક કંપનીની જવાબદારી નથી, આપણે લોકશાહી દેશના નાગરિક તરીકે જાગૃતિ કેળવવી પડશે, સાયબર કાયદાઓનો જરૂર જણાયે ઉપયોગ પણ કરવો પડશે કારણ કે સ્વસ્થ સમાજ અને લોકશાહી માટે તે અત્યંત જરૂરી છે તેમ ડૉ કાશીકરે જણાવ્યું હતું. કાર્ય... પ્રારંભે ભારતીય વિચાર મંચના ... શ્રી દિનેશભાઈ પટેલે પુસ્તક ... ને આવકાર્યા હતા. કાર્યક્રમનું ... પ્રા. હરદીપસિંહ ગોહિલે કર્યું હતું. (૪૦.૮)

# ભારતીય વિચાર મંચ દ્વારા 'ફેક ન્યુઝ' વૈશ્વિક સમસ્યા, સ્થાનિક નિવારણ વિષયે પ્રબુદ્ધ નાગરિક ગોષ્ઠી યોજાઈ





**અમદાવાદ, તા.૨૪ :** ભારત જેવી વિશાળ લોકશાહીમાં જનમાધ્યમો પર સ્વસ્થ અને સ્વચ્છ માહિતીનું પ્રસારણ અનિવાર્ય છે. આજે ડિજિટલ ટેકનોલોજીના યુગમાં ફેક ન્યુઝ કે ફેક કન્ટેન્ટે એક વૈશ્વિક સમસ્યાનું સ્વરૂપ લીધું છે. વિશ્વના તમામ દેશો અને ટેક કંપનીઓ આ સમસ્યાનો હલ લાવવા ઝઝુમી રહી છે. ખાસ કરીને સોશિયલ મીડિયામાં યુઝર જનરેટેડ કન્ટેન્ટ બનતું હોવાથી સરકાર અને ટેક કંપનીઓની સાથે વ્યક્તિગત રીતે આપણી પણ જવાબદારી વધી જાય છે. તાજેતરમાં ભારતીય વિચાર મંચ અમદાવાદ દ્વારા ન્યુઝ વૈશ્વિક સમસ્યા, સ્તાનિક નિવારણ વિષયે યોજાયેલી પ્રબુદ્ધ નાગરિક ગોષ્ઠીમાં ઉદ્બોધન કરતા મુખ્ય વક્તા અને એનઆઈએમસીજેના નિયામક ડો. શિરીષ કાશીકરે જણાવ્યું હતું.

ફેક ન્યુઝ કે કન્ટેન્ટ શબ્દનું વિશ્લેષણ કરતાં ડો. કાશીકરે જણાવ્યું હતું કે પરંપરાગત માધ્યમોમાં તો હજુ પણ રિપોર્ટરથી માંડીને તંત્રી સુધીના અલગ અલગ સ્તરના ફિલ્ટર હોય છે. જેનાતી ઈરાદાપૂર્વક ખોટી માહિતી વાચકો કે દર્શકો સુધી જવાની સંભાવના ન્યૂનતમ હોય છે. પરંતુ સોશિયલ મીડિયામાં ખોટી માહિતી, ઈરાદાપૂર્વક તૈયાર કરાયેલી ખોટી માહિતી અને રાજકીય હેતુઓ માટે માહિતી લીક કરવાની હોડ ચાલે છે, જેનાથી સોશિયલ મિડીયા જેવા જનમાધ્યમોની વિશ્વસનીયતા પર પ્રશ્નો ઉભા થાય છે. ક્યારેક સોશિયલ મીડિયાના ઉપયોગકર્તા કટાક્ષ, પેરોડીને પણ ગંભીરતાથી લઈ હોબાળો મચાવતા હોય છે. તો જુઠાણાં, પ્રોપેગન્ડા અને તોડીમરોડીને રજૂ કરાતા તથ્યો પણ લોકોને ભ્રમિત કરે છે.

ડો. કાશીકરે આ પ્રકારની સ્થિતિમાંથી બહાર આવવાની તેમજ ફેક ન્યુઝને ઓળખવાની પદ્ધતિઓ પર પ્રકાશ ફેંકતા કહ્યું હતું કે આ પ્રકારની માહિતીને ઓળખી લીધા પછી તેને આગળ વધતી અટકાવવી એ પ્રાથમિક ઉપાય છે. આ ઉપરાંત જે તે વ્યક્તિને બ્લોક કરવા, રિપોર્ટ કરવા જેવી પ્રક્રિયા કરવી જોઈએ, હવે ઘણા માધ્યમો ફેક્ટ ચેકિંગની વ્યવસ્થા કરે છે તેનો ઉપયોગ કરીને સત્યને સમજી શકાય છે.

ખોટી માહિતીનો પ્રચાર પ્રસાર રોકવો એ માત્ર સરકાર અને ટેક કંપનીની જવાબદારી નથી, આપણે લોકશાહી દેશના નાગરિક તરીકે જાગૃતિ કેળવવી પડશે, સાયબર કાયદાઓનો જરૂર જણાયે ઉપયોગ પણ કરવો પડશે કારણ કે સ્વસ્થ સમાજ અને લોકશાહી માટે તે અત્યંત જરૂરી છે તેમ ડો. કાશીકરે જમાવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત પ્રબુદ્ધજનો સાથે રસપ્રદ પ્રશ્નોત્તરી પણ થઈ હતી. કાર્યક્રમના પ્રારંભે ભારતીય વિચાર મંચના સહમંત્રી દિનેશભાઈ પટેલે પુસ્તક આપી વક્તાને આવકાર્યા હતાં. કાર્યક્રમનું સંચાલન પ્રા. હરદીપસિંહ ગોહિલે કર્યું હતું.

Damanganga Times, Vapi

## ભારતીય વિચાર મંચ - નવસારી : વિચાર ગોષ્ઠી

ભારતીય વિચાર મંચ, નવસારી દ્વારા દિનાંક ૨૪ ડિસેમ્બર ૨૦૨૧ , શુક્રવારના દિવસે સાંજે ૬:૩૦ કલાકે સયાજી વૈભવ પુસ્તકાલય, નવસારીમાં  શ્રી શ્રીકાંતજી કાટદરેનું વ્યાખ્યાન 'વર્તમાન વૈશ્વિક પડકારો અને પ્રબુદ્ધોની ભૂમિકા' વિષય પર યોજવામાં આવ્યું હતું.




કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને 'વાંચે ગુજરાત અભિયાન' ના માનદ મંત્રી શ્રી મહાદેવભાઈ દેસાઈ હાજર રહ્યા હતા. આ વિચાર ગોષ્ઠીમાં નવસારી અને બીલીમોરા નગરમાંથી કુલ ૬૦ પ્રબુદ્ધ શ્રોતાજનની ઉપસ્થિતિ રહી હતી. આદરણીય શ્રીકાંતજી દ્વારા વિષય વસ્તુની રજૂઆત જ્ઞાનસભર  અને ખુબજ સુંદર રહી હતી અને સાંપ્રત સમયના ભારતીય પ્રબુદ્ધને રામાયણના યુદ્ધ વેળા દેવગણોની જે ભૂમિકા હતી તેમની સાથે સરખાવ્યા હતા.



વ્યાખ્યાનને અંતે શ્રોતાજન દ્વારા પ્રશ્નો પણ થયા હતા અને સમોચિત પ્રતિઉત્તરથી તેમના મનમાં રહેલી ગડમથલ દૂર કરી હતી. આ વિચારગોષ્ઠીના આયોજનમાં વિભાગના વાલી શ્રી કેતનભાઈ શાહનું માર્ગદર્શન સતત મળતું રહ્યું હતું. વલસાડ કેન્દ્રના સંયોજક શ્રી અનિલભાઈ ગોયલની પણ પ્રેરક ઉપસ્થિતિ રહી. સમગ્ર કાર્યક્રમ નવસારી જિલ્લા અને નગરની ટીમના કાર્યકર્તાઓના ઉત્સાહ સભર પરિશ્રમના કારણે સફળ રહ્યો. કુલ રૂપિયા ૫૦૦૦/- નું પુસ્તક વેચાણ થયું.




ભારતીય વિચાર મંચ રાજકોટ કેન્દ્ર : પ્રાધ્યાપક બેઠક

ભારતીય વિચાર મંચ, રાજકોટમાં માનનીય શ્રી સદાનંદ સપ્રેજી (પ્રજ્ઞા પ્રવાહ, અખિલ ભારતીય કાર્યકરિણી સદસ્ય )ના પ્રવાસ દરમ્યાન સૌરાષ્ટ્ યુનિવર્સિટીના શિક્ષણ શાસ્ત્ર ભવનમાં પ્રમુખ અધ્યાપકો સાથે દિનાંક ૨૭/૧૨/૨૧,સોમવારના રોજ એક વિચાર ગોષ્ઠિ ગોઠવાઈ.




માનનીય સપ્રેજીના માર્ગદર્શનના અંશો:

૧.સિલેબસ રિલેટેડ ચેન્જ કરવો જોઈએ.

આર્યન ઇન્વેનશન થિયરી રિમુવ કરવી જોઇએ.

ભાસ્કરાચાર્ય નહીં ને ન્યુટન શા માટે ? પાયથાગોરસ ઓરીજીનલ નામ

સિલેબસમાં ફેરફાર જરૂરીયાત.

આપણે જે ચેન્જ કરી શકીએ તે કરી જ નાંખવો.

હોમવર્ક કરીને બોર્ડ મિટિંગમાં જઇએ તો ફેરફાર શક્ય ....સિલેબસ કન્ટેન્ટ મજબૂત,

ફાઈનાન્સ રિલેટેડ સબ્જેક્ટમાં ભારતીયતા થિયરી ચાલવી જોઇએ....

૨. લાયબ્રેરીમાં આપણા વિચાર આધારિત થિયરી વાળા પુસ્તક હોવા જોઈએ....તે પુસ્તક આધારિત રિસર્ચ થાય... પોપ્યુલર રાઇટિંગ નહીં પરંતુ એકેડેમિક રાઇટિંગ વાળા પુસ્તક હોવા જોઈએ...

NEP -2020માં આપણે પણ સુધારા મોકલીએ

પોપ્યુલર રાઇટિંગ બુક....આપણે લખવી જોઈએ.

સિલેબસમાં બદલાવ લાવવામાં એક્ટિવ થવું પડશે.

૩. વિધાર્થીઓ અને અધ્યાપકો માટે પોપ્યુલર લેક્ચર ગોઠવવાં જોઇએ... 'હિંદુ ઇકોનોમિક'-બોખરેજી, 'સુમંગલમ'-ડો.બાજરંગલાલ ગુપ્તા, 'ભારતમાં વિજ્ઞાનની ઉજ્વળ પરંપરા'-શ્રી સુરેશજી સોની વગરે પુસ્તકો લાયબ્રેરીમાં વસાવીએ અને વંચાવીએ. આ ગોષ્ઠીમાં ઉપસ્થિત પ્રાધાપકોની યાદી:

1)પ્રો.ભરતભાઇ રામાનુજ- શિક્ષણશાસ્ત્ર

2) પ્રો.દીપકભાઈ પટેલ.-ગુજરાતી

3) પ્રો. જેઠાભાઇ ચંદ્રાવાડીયા-ગુજરાતી

4) પ્રો. મનીષભાઈ શાહ-કેમેસ્ટ્રી

5)ડૉ. રંજન બહેન ખૂન- કેમેસ્ટ્રી

6)ડૉ. અશ્વિની બહેન જોશી-નેનો સાયન્સ

7)ડૉ. રાજુભાઇ દવે-માનવાધિકાર

8)ડો.કાંતિલાલ કાથડ-સંસ્કૃત

9)ડૉ. વીનેશ બામણિયા-સંસ્કૃત

10)શ્રી સંજયભાઈ કોરાટ

11)ડો.ભરત ભાઈ ખેર-સમાજશાસ્ત્ર

12) પ્રો.રાજા કાથડ-સંસ્કૃત

# વી.વી.પી. કોલેજમાં 'વિજ્ઞાનની પરંપરા' વિશે વ્યાખ્યાન



## એન્જિનિયરીંગમાં સમાજ અને રાષ્ટ્ર ઉપયોગી સંશોધનની આવશ્યકતાઃ શ્રી સદાનંદજી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૯

વી.વી.પી. ઈજનેરી કોલેજમાં અખીલ ભારતીય કાર્યકારીણી સદસ્ય પ્રજ્ઞા પ્રવાહના સંયોજક શ્રી સદાનંદ સપ્રેજીનું ભારતમાં વિજ્ઞાનની પરંપરા વિષય પર તમામ પ્રાધ્યાપકગણ માટે વ્યાખ્યાન અને પ્રશ્નોત્તરી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી સદાનંદ સપ્રેજી નેશનલ ઈન્સ્ટીટયૂટ ઓફ ટેકનોલોજી, ભોપાલ અને ઈલેકટ્રોનિકસમાં પ્રોફેસર હતા. વર્ષ ૨૦૧૦માં તેઓએ સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં યોગદાન આપવા માટે સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી. તેઓએ હિન્દીમાં ઈલેકટ્રોનિકસ એનજીનિયરીંગ વિષય પર પુસ્તક પણ લખ્યું છે. પોતાના વકતવ્યમાં સદાનંદજીએ જણાવ્યું હતું કે, વિજ્ઞાનમાં ભારતની પરંપરા બહુ પ્રાચીન છે. ભારતના પૂર્વજો મહાન વૈજ્ઞાનિક હતા. ભારતમા શિક્ષકોએ પોતાના વકતવ્યમાં વિધાર્થીઓને વિજ્ઞાનમાં ભારતની પરંપરા અને સિધ્ધિઓ વિશે માહિતી આપવી જોઈએ. વર્ષ ૧૯૯૮માં થયેલ અણુપરીક્ષણ પછી અમેરીકાએ સુપર કોમ્પ્યુટરના આપ્યુ તે ભારતે બનાવ્યુ અને રશીયાએ ક્રાયોજેનીક એન્જીન ન આપતા ક્રાયોજેનીક ટેકનીક પણ ભારતે ડેવલોપ કરી હતી, ઈસરો દ્વારા એક સાથે ૧૦૪ સેટેલાઈટનું લોન્ચીંગનો વર્લ્ડ રેકોર્ડ વગેરે સિદ્ધિઓ વિશે વિધાર્થીઓને માહિતગાર કરી ગૌરવની લાગણી અનુભવે એ પ્રકારની વાતો પોતાના વકતવ્યમાં કરવી જોઈએ.

ભારતના પ્રાચીન અને અર્વાચીન જ્ઞાન-વિજ્ઞાનની સિધ્ધિઓથી વિધાર્થીઓને માહિતગાર કરી સમાજ ઉપયોગી અને રાષ્ટ્ર ઉપયોગી સંશોધન માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. ઈન્ડસ્ટ્રી સાથે સંકલન સાધી ઈન્સ્ટીયૂટ દ્વારા સંશોધન આધારિત પ્રોજેકટ કરવા જોઈએ. ગામડાઓ, ઈન્ડસ્ટ્રીના સમસ્યાના નિવારણ માટે એન્જીનિયરીંગ સંસ્થાઓએ આગળ આવવીં જોઈએ. કાર્યક્રમની શરૂઆત ત્રણ ઓમકારથી કરવામાં આવી હતી. આચાર્ય ડો. જયેશ દેશકરના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વી.વી.પી.ના મેનેજીંગ ટ્રસ્ટી લલિતભાઈ મહેતા, ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુકલ, ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીઆર, ડો. નરેન્દ્રભાઈ દવેએ કાર્યક્રમના સફળ આયોજન બદલ શુભકામનાઓ પાઠવી હતી.

જાગૃત નગરજને આક્રોશ ઠાલવ્યો

## રાજકોટ રેલવે સ્ટેશને

## ભારતીય વિચાર મંચ સુરત - કેન્દ્ર

ભારતીય વિચાર મંચ, સુરત (વરાછા) દ્વારા જે. ડી. ગાબાણી પુસ્તકાલય, હીરાબાગ, સૂરત ખાતે ખ્યાતનામ સર્જન શ્રી ડો. જગદીશભાઈ સખિયાં (MD, skin)ની અધ્યક્ષતામાં ૨૩-૧૨-૨૦૨૧ ગુરુવારના દિવસે 'પરિવારની ભારતીય સંકલ્પના' (પંચયજ્ઞ થી પરમવૈભવ) વિષય ઉપર વિચાર ગોષ્ઠિનું આયોજન કર્યું હતું.

જેમાં આ. શ્રી શ્રીકાન્તભાઇ કાટદરે (અખિલ ભારતીય સહ સંયોજક, પ્રજ્ઞા પ્રવાહ)એ વક્તા તરીકે પોતાનો વિષય રજૂ કાર્યો હતો અને ત્યારબાદ ચર્ચા પ્રશ્નોત્તરી પણ થઈ હતી. કાર્યક્રમમાં મુખ્ય વક્તાએ વિષય પર મુકેલી બાબતો પર ચર્ચા થઈ હતી. કાર્યકમનું સફળ સંચાલન મિતેશભાઇ ધોળિયા દ્વારા થયું હતું. લગભગ ૫૦ જેટલા શ્રોતાઓ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. અંદાજે ૨૭૦૦.૦૦ રૂપિયાના પુસ્તકોનું વેચાણ થયું.








## ભારતીય વિચાર મંચ - ગાંધીનગર કેન્દ્ર

તા. ૨૧/૧૨/૨૧ ના રોજ ભારતીય વિચાર મંચ, ગાંધીનગર કેન્દ્ર દ્વારા પરિવાર મિલાન કાર્યક્રમનું આયોજન રંગમંચ, સેક્ટર-8 ખાતે સાંજે ૭.૦૦ વાગ્યે કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર કેન્દ્રના તમામ કાર્યકર્તા પરિવાર સાથે જોડાયા હતા.





પ્રાંતના ઉપાધ્યક્ષ સુનિલભાઈ શાહ, સુભાષભાઈ ભાવસાર, પ્રજ્ઞા પ્રવાહના અખિલ ભારતીય સહસંયોજક શ્રીકાંતજી કાટદરે તથા પ્રાંત મંત્રી ઇશાનભાઈ જોશી પણ ઉપસ્થિત રહ્યા હતા.



આ સિવાય ભારતીય વિચાર મંચના અન્ય શુભેચ્છકો મળીને કુલ ૧૩૦ જેટલા પ્રબુદ્ધજન હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં બધા ભારતીય વિચાર મંચના ગાંધીનગર કેન્દ્રના મંત્રી પ્રિતેશભાઈએ પ્રાંત ટીમના સભ્યોનો બધા કાર્યકર્તાઓને પરિચય કરાવ્યો. ત્યારબાદ બધા કાર્યકર્તાઓનો પરિવારસહ પરિચય થયો.

પરિચય બાદ પ્રિતેશભાઈએ દ્વિમાસિક 'વિચાર મંથન' લવાજમ અભિયાનની માહિતી પૂરી પાડી.

ત્યારબાદ સૌ કાર્યકર્તા પરિવારસહ ભોજન લઈ છુટા પડ્યા.

## ભારતીય વિચાર મંચ : સુરત કેન્દ્ર

તારીખ ૨૭/૧૨/૨૦૨૧ ને સોમવારના રોજ સુરતમાં ભારતીય વિચાર મંચ યુવા આયામનું ચોથું ચર્ચા સત્ર યોજાયું. અંદાજે ૭૫ દિવસ બાદ બધા ફરીથી મળ્યા અને કુલ ૧૫ લોકોએ ભાગ લીધો.





૫ નવા લોકો જોડાયા હતા. ચર્ચા સત્રનો વિષય 'હિંદુ તુષ્ટિકરણ' હતો. જે અંતર્ગત શું તૃષ્ટિકરણ સારું છે ? સરકાર દ્વારા કરવું જોઈએ ? સકારાત્મક અને નકારાત્મક બંને મુદ્દા ઉપર ચર્ચા કરી. હિન્દુ ધર્મના નામે રાજનીતિક તુષ્ટિકરણ કરનારા લોકોની ઓળખાણ કેમ થાય ? એ મુદ્દે પણ ચર્ચા કરી. બધા યુવાનોએ ઉત્સાહ પૂર્વક ચર્ચામાં ભાગ લીધો. દ્વિમાસિક 'વિચાર મંથન' ના લવાજમ વિશે વાત કરી અને કાર્ય સફળ બને એવા પ્રયાસો કરવા માટે ચર્ચા કરી.

# ભારતીય વિચાર મંચ - ભુજ

આજે ભારતીય વિચાર મંચ, ભુજ કેન્દ્રના યુવા આયામ દ્વારા કચ્છ યુનિવર્સિટી ખાતે ચર્ચા સત્રનું આયોજન કરવામાં આવ્યું. ચર્ચા સત્રનો વિષય 'જનસંખ્યા નિયંત્રણ : ફાયદા અને ગેર ફાયદા.'



૨૦ યુવાનોએ આ સત્ર ભાગ લીધો અને અંગત અભિપ્રાય પણ વ્યક્ત કર્યા.   ભુજ કેન્દ્રથી રાજેશ ઠક્કર, ઉષાબા અને શૈલેન્દ્ર રાવલ પણ હાજર રહ્યા. મોટા ભાગના યુવાનોના મતે ભારતમાં જનસંખ્યા નિયંત્રણની ખુબજ જરૂર છે, એ મંતવ્ય આપવામાં આવ્યું. શ્રી ચિરાગભાઈએ માર્ગદર્શન આપી યુવાનોનો ઉત્સાહ વધાર્યો હતો.

## ભારતીય વિચાર મંચ – અમદાવાદ

JOIN BVM

ભારતીય વિચાર મંચ અમદાવાદ દ્વારા તારીખ ૦૨/૦૧/૨૦૨૨ રવિવારે સવારે ૧૦ વાગે , રાજકોટ નાગરિક બેન્ક ખાતે ભારતીય વિચાર મંચ સાથે જોડાવા Join BVM અભિયાનમાં ભરેલા  ઓનલાઇન ફોર્મના પ્રતિભાગી માટે ભારતીય વિચાર મંચનો એક પરિચય કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.




આ કાર્યક્રમમાં ઉપસ્થિત પ્રતિભાગીઓનો શરૂઆતમાં પરિચય કરવામાં આવ્યો. ત્યારબાદ પ્રાંત મંત્રી શ્રી ઈશાનભાઈ જોશીએ ભારતીય વિચાર મંચ નો પરિચય આપ્યો.



ભારતીય જ્ઞાન પરંપરાની શૃંખલા, વૈચારિક ક્ષેત્રમાં આવશ્યક કાર્યો, ભારતીય વિચાર મંચના વિવિધ આયામો, કાર્યક્રમો, પ્રકાશનો, દ્વિદિવસીય રાષ્ટ્રીય સંગોષ્ઠી, ચર્ચા સત્રો વિષયો ઉપર શ્રી ઈશાનભાઈ દ્વારા વિસ્તૃત માહિતી બધા પ્રતિભાગીઓને આપવામા આવી.





ત્યાર બાદ પ્રતિભાગીઓ પોતાના વિચાર પ્રસ્તુત કર્યા અને વિચાર મંચના આગામી કાર્યોમાં જોડાવા માટે તૈયારી બતાવી.

વિચાર મંચના સાહિત્યનો પણ લાભ આવેલા પ્રતિભાગીઓએ ઉત્સાહપૂર્વક લીધો.

# પુસ્તક પરિચય

આવરણ

લેખક: ડૉ. એસ. એલ. ભૈરપ્પા (મૂળ કન્નડ લેખક).અનુવાદ : સિદ્ધા દિક્ષિત




૨૦મી ઑગસ્ટ, ૧૯૩૧ના રોજ જન્મેલ, તત્વજ્ઞાન સાથે અનુસ્નાતક તથા એસ્થેટિક (સૌંદર્યશાસ્ત્ર) વિષયમાં પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરનાર; સંતેશિવારા લિંગનૈયા ભૈરપ્પા મૂળ કન્નડ ભાષાના લેખક છે. ૨૦૧૦માં સર્વોત્તમ ભારતીય કૃતિ તરીકે “સરસ્વતિ સન્માન” દ્વારા પુરસ્કૃત કરાયેલ નવલકથા “મંદ્ર”, ડૉ. એસ. એલ. ભૈરપ્પાની રચના છે. કર્નાટક વિશ્વવિધાલય દ્વારા સ્નાતક, અનુસ્નાતક તથા પી. એચ. ડી. હેતુ પ્રબંધ વિષય માટે ડૉ. ભૈરપ્પાના પુસ્તકોની પસંદગી કરાયેલ છે. મૂળ કન્નડમાં લખાયેલ તેમનાં અનેક પુસ્તકો વિવિધ ભાષાઓમાં અનુવાદિત થયેલ છે.

મૂળ સ્વરૂપે કન્નડ ભાષામાં ડૉ. ભૈરપ્પા દ્વારા લખાયેલ “આવરણ” નો સાહિત્યપ્રકાર નવલકથા છે; પરંતુ તે એક “સાધાર” નવલકથા છે. ૩૦૪ પાનાની આ નવલકથા “સાધાર” એટલા માટે કે, આ અસાધારણ નવલકથા ધારદાર તો છે જ, સાથે રચનામાં ઐતિહાસિક તથ્યોનો આધાર પણ ગુંથાયેલો છે.

નિર્મળ સ્નેહપૂર્વક હિંદુ પિતાએ એકલા હાથે ઉછેરેલ અનન્ય પુત્રી લક્ષ્મી, વિદ્રોહ કરી પરધર્મીને વરે છે. અને માયાજાળમાં ફસાયેલ આ દિકરીમાં, પોતાના નવા “ધાક ઉભી કરનાર ધર્મ” પ્રત્યે કટ્ટર નિષ્ઠાનું નિર્માણ થાય, તે દિવસમાં પાંચ વાર

નમાઝ પણ પઢે અને સાસરે સ્થાન પામે. ત્યાં જ પોતાના પુત્ર જન્મ સમયે આ દિકરીને પોતાના ગામમાં સુવાવડ વખતે વહેંચાતા કેળાં, ટોપરાં અને ગોળના પ્રસાદની યાદ આવે.

બીજી બાજુ બલીના માંસની બિરયાની વહેંચાય, પછી વ્યવ્હારોની આંટી-ઘૂંટીમાં જન્મેલ બાળક તે વારસ કોનું થાય? તેમાં સમાજ મોભે ચઢેલા ગેરમાર્ગે દોરનાર દંભપ્રભાવી ઢોંગીઓ, વિદ્રોહ, વાસના અને જીર્ણ અંધપ્રેમના ખરતાં પડ મધ્યે સંબંધોની વ્યથાકથાને સુંદર ઢબે આવરી લેવાયા છે.

આ ઉપરાંત નવલકથામાં હિંદુ જીવનશૈલીની સહશીલતા, આક્રાંતાઓ અને તેમના અત્યાચારો; માનવસંવેદનાઓને સ્પર્શતાં કૈંક કેટલાંય પાસાંઓને ઇતિહાસના માપદંડે તોલી “આવરણ”માં ઉઘાડા પાડ્યા છે. લખાયેલ બાબતો વિશ્વસનીય છે એ ખાતરી કરાવતી સંદર્ભસૂચિ પુસ્તકમાં સાથે પ્રસ્તૂત છે. નિર્લજ્જતાથી તર્કોની અડફેટે લેવાતાં ઐતિહાસિક તથ્યો તથા તેને અપ્રસ્તૂત રાખવા માટે થતા કાવાદાવા, અને આ બધામાં બુદ્ધિજીવિઓની ભૂમિકા, રાજકારણીઓની શક્તિ તથા સહાયભૂતતા વિશે પણ પુસ્તકના માધ્યમથી ઉત્તમ અવલોકન થાય છે.

નવલકથામાં વણી લેવાયેલા કેટલાક મર્મસ્પર્શી સંવાદો:

આમિર: “પતિના ધર્મનું આચરણ કરવું એ જ દુનિયાભરમાં માન્ય પદ્ધતિ છે.”

લક્ષ્મી: “તો પછી મુસ્લિમ યુવતિ સાથે લગ્ન કરનાર હિંદુ યુવકો ધર્માંતર કરે એનું શું?” (પા.નં ૨૮, ૨૯)

આમિર: તું ધર્મ બદલવાની છે તે લોકોને બતાવવા પુરતું જ છે, આપણને બન્નેને ધર્મ પર વિશ્વાસ નથી એતો તને ખબર જ છે. (પા.નં ૩૯)

“બધાં ધર્મો મૂડીવાદના એજંટ છે” એવું કહેનાર આમીરથી પ્રભાવીત થયેલ લક્ષ્મીને પતિ જ્યારે તબ્લિગવાળાના બહિષ્કારના ડરથી “ ક્યારેક થોડું ગૌમાંસ ખાવામાં શું વાંધો છે?” (પા.નં ૩૭) પૂછે ત્યારેની મનોદશા શું હશે?


આધૂનિક વિચારસરણીના નામે ધર્મપરિવર્તન અને નામ બદલી પ્રેયસીમાંથી પત્ની બનેલ સ્ત્રીને તેના-પોતાના ધર્માંતરણ તરફ ધકેલતું કટુ કાવતરું. ધર્મમાં ક્યાં આપણે માનીયે છીએ અને પ્રેમ નામે જવાબ એટલો કે જાત બહાર જનાર અને લઈ જનાર બન્નેની હત્યા, તેમજ આધૂનિકતાના નામે ધર્માંતરને એક હંગામી વ્યવસ્થાનો ભાગ છે એવું દર્શાવી; આધુનિક હોવાનો દાવો કરતાં પરધર્મીઓ, યુવતી સાથે લગ્ન કરી, પછી તેજ સ્વતંત્ર અને શિક્ષીત મહિલાના હૃદયમાં જન્મેલ તલાક્નો ડર, તેમાં 'નિષ્પક્ષપાતી હિંદુ બુદ્ધિજીવીઓ'ની ભુમિકા અને ઇસ્લામમાં સ્ત્રીઓનું સ્તર સ્પષ્ટ દર્શાવાયું છે.

આવરણ શું છે, કોને કહેવાય આવરણ??? લેખકના જ શબ્દોને મઠારતાં “સત્યને વિસ્મરણથી ઢાંકી દેનારી માયાને આવરણ કહે છે. અસત્ય સ્થાપિત કરનાર કાર્યને વિક્ષેપ કહે છે. વ્યક્તિગત સ્તરે ચાલનારી આ ક્રિયાને અવિધા અને સામૂહિક સ્તરે ચાલતી આ પ્રક્રિયાને માયા કહેવાય છે. ”

આવરણમાં શું છે? અને શેનું અનાવરણ કરવાનું છે??? લેખકના શબ્દપ્રવાહે વહેતા વહેતા પ્રશ્નોને પાર પહોંચી, વિચારકોષિકાઓ ખૂલી જાય અને અવાક્ક રહી જવાય, પછી એવું પણ બને કે આ બધું જોયેલું અને કશું અજાણ્યું ના લાગે. ધર્મ સાથે પોતની ઓળખના સબંધો, આધૂનિકતાના નામે ઉભી કરાતી ભ્રાંતી, ઇતિહાસની અભાનતાનો દૂરુપયોગ કરી ગેરમાર્ગે ઢસડી જતી દંભ-પ્રબુદ્ધ ચેષ્ઠઓ, અને અજ્ઞાનતાથી જન્મતા પડકારો એવા અનેક પ્રશ્નોને ઉઘાડા પાડી દર્પણ દેખાડે છે 'આવરણ.'

આધારભૂત પુરાવાની ધારે અનાવરણીત થતી ઘટનાઓ, “આવરણ” ને ચોક્કસ વાંચવા યોગ્ય પુસ્તક બનાવે છે. 'ભારતીય વિચાર મંચ' દ્વારા પ્રકાશિત આ પુસ્તકનું મુદ્રણ 'પ્રિઝમ પ્રિંટર્સ એંડ પબ્લિશર્સ' દ્વારા થયેલ છે. પુસ્તક ભારતીય વિચાર મંચના અમદાવાદ સ્થિત કાર્યાલય અથવા કોઈ પણ કેન્દ્ર સાથે સંપર્ક સાધી સરળતાથી પ્રાપ્ત કરી શકાય છે.

# આગામી કાર્યક્રમો



BAOU
Education for All
Dr. Babasaheb Ambedkar Open University
In collaboration with
Bhartiya Vichar Manch
Gujarat
भारतीय विचार मंच
YAGNA
Youth Awareness for Greater National Awakening
Present
Young Thinkers Summit 22
23rd January 2022
Venue
Dr. Babasaheb Ambedkar Open University Jyotirmay Parisar, S-G Highway, opp. Shri Balaji Temple, Ahmedabad, Gujarat


BAOU
Education for All
भारतीय विचार मंच
Young Thinkers Summit 22
23rd January 2022
Sh. PRAFULLA KETKAR
Editor : Organiser Weekly
INAUGURAL TALK
Revisiting India's Freedom Struggle and Contemporary Challenges
1st Session
10:00 - 11:30
2nd Session
11:45 - 1:00
Sh. APARNA SINGH
Thinker & Columnist
Hindu, Hindutva & Hinduism
PARALLEL SESSION
Group Discussion on Contemporary Issues in India
3rd Session
2:00 - 3: 15
4th Session
3:30 - 4:30
Sh. DEEPAK SHARMA
Thinker & Kshetra Sanyojak-Prajna Pravah
VALEDICTORY SESSION
Our Role in Ideological War
Register www.vichar.org
Venue
Dr. Babasaheb Ambedkar Open University Jyotirmay Parisar, S-G Highway, opp. Shri Balaji Temple, Ahmedabad, Gujarat

# વિચાર બોધ

**પ્રેરણાનું મૂલ્ય  - એક સરસ ટૂંકી બોધવાર્તા**

સિમલાની એક નામાંકિત શાળામાં અભ્યાસ કરતાં એક બાળકનું બોર્ડની પરીક્ષાનું પરિણામ આવ્યું. બાળક એના પરિણામથી અજાણ હતો. જે દિવસે પરિણામ આવ્યું તે દિવસે આ બાળકના પિતા બાળકને લઈને એક આલિશાન હોટલમાં પહોંચ્યાં. પિતાએ દીકરાને કહ્યું, બેટા, આજે તારી પરીક્ષાનું પરિણામ આવ્યું છે માટે હું તને પાર્ટી આપવા માટે આ હોટલમાં લાવ્યો છું. છોકરાને પરીક્ષાના પરિણામની ખૂબ ચિંતા હતી. પણ પિતાની આ વાત સાંભળીને એનું ટેન્શન ઓગળી ગયું. પરીક્ષાનું પરિણામ સારૂ હોય તો જ પપ્પા આવી મોટી પાર્ટી આપે એ વિચારથી છોકરો મોજમાં આવી ગયો. પિતાની સાથે એ મોજથી જમ્યો.

જમી લીધા પછી પિતા ઊભા થઈને દીકરાની પાસે આવ્યા. દીકરાના માથા પર હાથ ફેરવતા ફેરવતા બહુ પ્રેમથી કહ્યું, “બેટા તું તારી બોર્ડની પરીક્ષામાં નાપાસ થયો છું. પણ તું કોઈ જાતની ચિંતા કરતો નહિં. હું તારી સાથે જ છું. મને પણ જીવનમાં ઘણી નિષ્ફળતાઓ મળી છે. પણ મેં સખત પુરુષાર્થ કરીને મારી નિષ્ફળતાઓને સફળતાઓમાં બદલી નાખી છે. બેટા, તારી આ નાની એવી નિષ્ફળતાને તું ઇચ્છે તો ખૂબ મહેનત કરીને સફળતામાં બદલી શકે છે. તું બોર્ડની પરીક્ષામાં નાપાસ થયો એટલે કંઇ જીવનની પરીક્ષામાં નાપાસ થયો તેમ નથી. બસ, મહેનત કરતો રહેજે અને ભૂલ સુધારતો રહે જે."

છોકરો તો પિતાની સામે જોઈ જ રહ્યો. પિતાના મુખમાંથી નીકળતો એક એક શબ્દ બાળકના હૃદય સુધી પહોંચતો હતો. પરીક્ષાના નબળા પરિણામનું દુઃખ ક્યાં જતું રહ્યું એ બાળકને ખબર પણ ના પડી. પિતાના આ વર્તનથી બાળક મજબૂત તો થયો પણ સાથે સાથે પિતા પ્રત્યેનો એનો પ્રેમ અને આદર બમણાં થઈ ગયાં.

આ બાળક એટલે બૉલિવુડના પ્રખ્યાત અભિનેતા અનુપમ ખેર. બોર્ડની પરીક્ષામાં નાપાસ થયેલા અનુપમ ખેર આજે અનેક લોકોના હૃદય પર રાજ કરે છે.

મિત્રો, આપના સંતાનોની બોર્ડની પરીક્ષાઓ નજીક આવી રહી છે. આવા સમયે એને આપની ટીકાની નહીં પણ ટેકાની જરૂર છે. જો માઁ-બાપ તરીકે બાળકની નિષ્ફળતા વખતે એની પાસે ઊભા રહીશું તો એચોક્કસપણે સફળતા પ્રાપ્ત કરશે.

## Join BVM (ભારતીય વિચાર મંચ)

વિચાર સર્વોપરી છે. વિચારો વ્યક્તિની ચેતનાના સ્તરને અસર કરે છે. તેથી દરેક વિચાર યોગ્ય દિશામાં અને અસરકારક પ્રસ્તુતિ સાથે સર્જનાત્મકતાનું પ્રથમ પગલું છે. ભારતીય વિચાર મંચ માને છે કે આ સંપૂર્ણ વિચાર પ્રક્રિયા આપણા સમાજ અને સંસ્કૃતિનું ચાલક બળ છે.

ભારતીય વિચાર મંચ આ વૈચારિક આંદોલનનું નેતૃત્વ કરી રહ્યું છે. ભારતીય વિચાર મંચ આપ સૌને આ વૈચારિક ચળવળનો એક ભાગ બનવા નિવેદન કરે છે, અને "કાર્યકર્તા" બનીને આ વૈચારિક ચળવળમાં તમારો ટેકો આપશો.

ભારતીય વિચાર મંચના કાર્યકર્તા બનવા માટે નીચેની લિંક દ્વારા તમારી માહિતી શેર કરીને મંચ માં જોડાઇ શકો છો

https://forms.gle/mrueb1RyFh4UthxdA

***

આપના પ્રતિભાવો અહીં આપેલ ઈમેલ : bvmguj@gmail.com અથવા વૉટ્સએપ નંબર : 7405862697 ઉપર આપ મોકલી શકશો.